રાજય સરકારની કચેરીઓમાં ફરજ બજાવતા અંશકાલીન કર્મરીઓના મહેનતાણામાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

**નાણા વિભાગ**

પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૧૯-ઓ-૨૧૫-ચ

સચિવાલય,ગાંધીનગર.

તારીખઃ ૧૬-૭-૨૦૧૯

વંચાણમાં લીધાઃ

(૧) નાણા વિભાગનો તા.૨૩-૯-૧૯૯૮નો ઠરાવ ક્રમાંકઃ ઇસીઆર-૧૦૯૮-૭૪૦-ચ

(૨) નાણા વિભાગનો તા.૧૦-૨-૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ ઇસીઆર-૧૦૯૪-૪૨૫-ચ

(૩) નાણા વિભાગનો તા.૧૫-૭-૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ ઇસીઆર-૧૦૨૦૦૬-૬૦૪-ચ

(૪) નાણા વિભાગનો તા.૧-૫-૨૦૦૭નો ઠરાવ ક્રમાંકઃ ઇસીઆર-૧૦૯૪-૪૨૫-ચ

(૫) નાણા વિભાગનો તા.૨૫-૪-૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ ઇસીઆર-૧૦૨૦૦૬-૬૦૪-ચ

(૬) નાણા વિભાગનો તા.૬-૯-૧૪નો ઠરાવ ક્રમાંકઃ પીઆરસી-૧૦૨૦૧૪-૮-ચ

(૭) નાણા વિભાગનો તા.૧-૧-૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ પીઆરસી-૧૦૨૦૧૫-૮-ચ

(૮) નામદાર હાઇકોર્ટમાં દાખલ થયેલ L.P.A. NO.1155/2019 in S.C.A.NO.7462/2012 તથા અન્ય ૬૫ S.C.A.

## પ રિ પ ત્ર

નાણા વિભાગના ઉકત વંચાણે લીધેલ ઠરાવ/પરિપત્રોની સૂચનાઓથી રાજય સરકારની ખાતાના વડા/કચેરીના વડા તેમજ તેમના હેઠળની કચેરીઓ ખાતે ફરજો બજાવતા અંશકાલીન કર્મરીઓને વખતોવખત સુધારેલા દર તથા કોર્ટકેસના ચૂકાદાને ધ્યાને લઇ તે મુજબનું મહેનતાણું ચૂકવવામાં આવતુ હતુ. PIL NO.244/2014 ના ચૂકાદા અન્વયે ઉકત વંચાણે લીધેલ ક્રમાંકઃ(૬)થી ચાર કલાકથી વધુ સમયની કામગીરી માટે રોકવામાં આવેલ અંશકાલીન કર્મચારીઓના કિસ્સામાં તેઓને રૂ.૨૨૦/-અને ચાર કલાક સુધીના કામ માટે રોકવામાં આવેલ અંશકાલીન કર્મચારીના કિસ્સામાં રૂ. ૧૧૦/-

પ્રતિદિન મહેનતાણુ ચૂકવવાનુ નકકી થયેલ તથા વંચાણે લીધેલ ક્રમાંક-(૭)થી આ મહેનતાણા ઉપર સમયાંતરે ખાસ ભથ્થુ ચૂકવવાનું નકકી થયેલ. વંચાણે લીધેલ ક્રમાંક-(૫) થી અંશકાલીન કર્મચારીઓને છૂટા કરવાનું જણાવાતાં જુદા જુદા કોર્ટકેસો ઉભા થવા પામેલ, જેમાં નામદાર હાઇકોર્ટમાં દાખલ થયેલ S.C.A.NO.7462/2012 તથા તેની સાથે સંકળાયેલ અન્ય ૬૫ S.C.A. માં HONOURABLE MR.JUSTCE MOHINDAR PALના તારીખ. ૨૧-૧૨-૨૦૧૮ના CAV JUDGMENT થી આવા અંશકાલીન કર્મચારીઓને રાજય સરકારના વર્ગ-૪ ના કર્મચારીને મળવાપાત્ર લઘુત્તમ પે સ્કેલનો લઘુત્તમ પગાર તા. ૧-૧-૨૦૧૯ થી ચૂકવવા તેમજ વંચાણે લીધેલ ક્રમાંક-(૫)પરના નાણા વિભાગના તા.૨૫-૪-૨૦૧૨ના ઠરાવ સંદર્ભે જો કોઇ અંશકાલીન કર્મચારીને છૂટા કરેલ હોય તો તેમને સેવામાં પરત લેવા તેમજ તેમને પણ જો તેઓ વયનિવૃત્તિએ નિવૃત્ત થયેલ ન હોય તો તા. ૧-૧-૨૦૧૯થી પગાર ચૂકવવાનો હુકમ કરવામાં આવેલ હતો.

ઉકત હુકમને રાજય સરકાર ધ્વારા L.P.A. NO.1155/2019 in S.C.A.NO.7462/2012 થી પડકારવામાં આવેલ હતો, જેમા નામદાર હાઇકોર્ટના તારીખ. ૯-૫-૨૦૧૯ના હુકમથી S.C.A.NO.7462/2012 ના ચૂકાદાને કાયમ રાખેલ હતો. રાજય સરકાર ધ્વારા નામ.હાઇકોર્ટના ઉકત ચૂકાદાનો સ્વીકાર કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે અને ચૂકાદાના પાલન સંદર્ભે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) રાજય સરકારની ખાતાના વડા/કચેરીના વડા તેમજ તેમના હેઠળની કચેરીઓ ખાતે ફરજો બજાવતા આવા અંશકાલીન કર્મચારીઓ કે જેઓ તા. ૧-૧-૨૦૧૯ના રોજ કે ત્યારબાદ ફરજો બજાવતા હોય તેઓને તા.૧-૧-૨૦૧૯ની અસરથી વર્ગ-૪ ના પગારધોરણમાં મળવાપાત્ર લઘુત્તમ પગાર ધ્યાને લઇને તે મુજબ ફિકસ પગાર રૂા.૧૪,૮૦૦/- ચૂકવવાનો રહેશે.

(૨) ઉકત રકમ રૂા.૧૪,૮૦૦/- ફિકસ પગાર તરીકે ગણવાની રહેશે અને તેના ઉપર મોંઘવારી ભથ્થુ કે અન્ય કોઇપણ પ્રકારના ભથ્થા મળવાપાત્ર રહેશે નહીં.

(૩) વંચાણે લીધેલ ક્રમાંક-(૮) પરના કોર્ટકેસ સાથે સંકળાયેલ પીટીશનરોને આ લાભ આપવાનો રહેશે. તે સિવાયના સચિવાલયના વિભાગ/ખાતાના વડા/કચેરીના વડા હેઠળના આ પ્રકારના કોઇ અંશકાલીક કર્મચારીઓ હાલ સેવામાં ચાલુ હોય તો તેની સંબંધિત કચેરીએ જરૂરી ચકાસણી કરી ઉકત લાભ તેઓને મળવપાત્ર થતો હોય તો નાણા વિભાગના પરામર્શમાં તાત્કાલિક કાર્યવાહી કરવાની રહેશે.

(૪) નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૫) પરના તા. ૨૫-૪-૨૦૧૨ના ઠરાવની સૂચના મુજબ જો કોઇ અંશકાલીન કર્મચારીને છૂટા કરવામાં આવેલ હોય તો જો

તેઓ વયનિવૃત્તિ મર્યાદા વટાવી ગયેલ ન હોય તો તેમને સેવામાં પરત લેવાના રહેશે અને તેમને પણ તા. ૧-૧-૨૦૧૯ થી આ ફિકસ પગારનો લાભ આપવાનો રહેશે.

(૫) નામદાર હાઇકોર્ટમાં ઉકત S.C.A.7462/2012 AND OTHERS માં તા.૨૧-૧૨-૧૮ના ચૂકાદા સામે દાખલ થયેલ L.P.A.1155/2019 in S.C.A.7462/2012 and Others માં HONOURABLE THE ACTING CHIEF JUSTICE ANANT S. DAVE AND HONOURABLE M.JUSTICE BIREN VAISHNAV ના તા.૯-૫-૨૦૧૯ ના ઓરલ ઓર્ડરથી અપીલો ડીસ્મીસ્ડ થયેલ છે. S.C.A. ના ચૂકાદાના અમલ સંદર્ભે Contempt R/MISC.CIVIL APPLICATION N0.206/2019 TO 324/2019 ના તા. ૮-૭-૨૦૧૯ના નામદાર ચીફ જસ્ટીસશ્રીના કોમન ઓરલ ઓર્ડર મુજબ મૂળ S.C.A.ના તા.૨૧-૧૨-૨૦૧૮ના ચૂકાદાનો **અમલ તા. ૨૨-૭-૨૦૧૯** સુધીમાં કરવાનો થાય છે.

(૬) જો ઉકત તારીખ સુધીમાં તફાવતની ચૂકવણી કરવામાં નહીં આવે તો તેના પર ૬(છ) ટકા વ્યાજ ચૂકવવાનો નામ.હાઇકોર્ટનો હુકમ છે. તે જોતાં, જો કોઇ વિભાગ/ખાતાના વડા/કચેરી ધ્વારા સમયસર ચૂકવણી કરવામાં નહીં આવે તો દંડનીય વ્યાજ માટે સંબંધિત અધિકારીની જવાબદારી નકકી કરવાની રહેશે.

(૭) આ પ્રકારે નિયત થતો ફિકસ પગાર હવે પછી દર માસે નિયમિત રીતે ચૂકવાય તે માટે સંબંધિત વિભાગ/ખાતા/કચેરીના વડાને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શૈલેષ વિ.પરમાર )
નાયબ સચિવ
નાણા વિભાગ.

પ્રતિ,

*માન. રાજ્યપાલશ્રીનાસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ / સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ,સોલા, અમદાવાદ.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ પસંદગી સેવા મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો / તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીનાવડાઓ.
તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, (એ એન્ડ ઇ), ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧-૨), અમદાવાદ/રાજકોટ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ અને હિસાબની કચેરી, ગાંધીનગર.
સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
તમામ તિજોરી અધિકારીઓ/તમામ પેટા તિજોરી અધિકારીઓ.
પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, અમદાવાદ / ગાંધીનગર/નર્મદા/વડોદરા.
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, તમામ શાખાઓ (નાણા શાખાઓ સહિત)
સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ (વેબસાઇટ પર મુકવા)
સીલેક્ટ ફાઇલ.

---

* પત્ર દ્વારા.